# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માલદામાં 3 હજાર કરોડ રૂપિયાથી વધુની નવી પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું અને અનેક ટ્રેનોને લીલી ઝંડી આપી.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુવાહાટી વિમાનીમથકેથી આસામના અઝારા સુધીના રોડ શોમાં ભાગ લીધો
3. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા સંઘર્ષને પૂર્ણ કરવાના હેતુથી એક નવા શાંતિ બોર્ડના સભ્યોની જાહેરાત કરી
4. મારૂતિ સુઝૂકી ગુજરાતના ગાંધીનગરમાં 35 હજાર કરોડ રૂપિયાના રોકાણથી નવા વાહન નિર્માણનો પ્લાન્ટ સ્થાપિત કરશે.
5. ICC-ની 19 વર્ષથી ઓછી વયના ખેલાડીઓના વિશ્વકપમાં ભારતે બાંગ્લાદેશને જીતવા 239 રનનો લક્ષ્યાંક આપ્યો

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Prime Minister - Malda Rally

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કર્યા, તેને નિર્દય ગણાવી. શ્રી મોદીએ આજે માલદામાં ૩ હજાર 250 કરોડ રૂપિયાથી વધુના નવા પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને અનેક ટ્રેનોને લીલી ઝંડી આપી.

શ્રી મોદીએ કહ્યું કે જ્યારે ઘણા સમૃદ્ધ દેશો ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને દેશનિકાલ કરી રહ્યા છે, ત્યારે તૃણમૂલ કોંગ્રેસ સરકાર રાજકીય કારણોસર આમ કરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે કહ્યું કે આનાથી રાજ્યના યુવાનો માટે રોજગારની તકો ઘટી રહી છે.

(BYTE- PM MODI) PM-ON-TMC

પ્રધાનમંત્રીએ મુખ્યમંત્રી મમતા બેનર્જી પર આયુષ્માન ભારત, પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના અને જળ જીવન મિશન જેવી કેન્દ્રીય યોજનાઓમાં અવરોધ ઉભો કરવાનો પણ આરોપ લગાવ્યો.

(BYTE- PM-ON-AYUSHMAN-YOJNA-IN-BENGAL)

તાજેતરના CAG રિપોર્ટનો ઉલ્લેખ કરીને, તેમણે આરોપ લગાવ્યો કે તૃણમૂલ કોંગ્રેસના નેતાઓએ પૂર રાહત માટે ફાળવવામાં આવેલા ભંડોળનો દુરુપયોગ કર્યો. ભાજપના ટ્રેક રેકોર્ડ સાથે આની સરખામણી કરતા, શ્રી મોદીએ 2014 થી શણની ખેતી માટે લઘુત્તમ ટેકાના ભાવ અને કેન્દ્રીય ભંડોળમાં નોંધપાત્ર વધારો નોંધ્યો. તેમણે માલદાના કેરી અને રેશમ ઉદ્યોગો માટે લક્ષિત વિકાસનું વચન આપ્યું.

----------

# BJP - West Bengal

ભાજપે આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર પશ્ચિમ બંગાળમાં તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો છે.

નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા, ભાજપના સાંસદ સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી હિંસાને સમર્થન આપી રહ્યા છે અને રાજ્યને અલગ પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ ગેરબંધારણીય અને હિંસક માધ્યમો દ્વારા ખાસ સઘન સુધારણા અભિયાનને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે બૂથસ્તરના અધિકારીઓ – BLO પર દબાણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે BLO આત્મઘાતી પગલાં લઈ શકે છે. તેમણે BDO પર હુમલાઓનો પણ આરોપ લગાવ્યો.

શ્રી પાત્રાએ કહ્યું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના શાસનમાં રાજ્યના શાસને ચિંતાજનક વળાંક લીધો છે. તેમણે ટીએમસી સરકાર પર નકલી આઈડી રેકેટ ચલાવવાનો અને ઘુસણખોરોને ભારતના નાગરિક બનાવવાનો પણ આરોપ લગાવ્યો.

----------

# BJP - West Bengal

ભાજપે આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર પશ્ચિમ બંગાળમાં તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો છે.

નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા, ભાજપના સાંસદ સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી હિંસાને સમર્થન આપી રહ્યા છે અને રાજ્યને અલગ પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ ગેરબંધારણીય અને હિંસક માધ્યમો દ્વારા ખાસ સઘન સુધારણા અભિયાનને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે બૂથસ્તરના અધિકારીઓ – BLO પર દબાણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે BLO આત્મઘાતી પગલાં લઈ શકે છે. તેમણે BDO પર હુમલાઓનો પણ આરોપ લગાવ્યો.

શ્રી પાત્રાએ કહ્યું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના શાસનમાં રાજ્યના શાસને ચિંતાજનક વળાંક લીધો છે. તેમણે ટીએમસી સરકાર પર નકલી આઈડી રેકેટ ચલાવવાનો અને ઘુસણખોરોને ભારતના નાગરિક બનાવવાનો પણ આરોપ લગાવ્યો.

----------

## Kurian-PM-VBRY

કેન્દ્ર સરકારના રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયને આજે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (પીએમવીવાય) દેશભરના યુવાનો માટે રોજગારની વધુ તકો ઉભી કરશે. કેરળના કોટ્ટાયમમાં તેમણે કહ્યું કે કેટલીક કેન્દ્રીય યોજનાઓમાં તાજેતરના ફેરફારોનો હેતુ સમાજના વિશાળ વર્ગ સુધી તેમના લાભો પહોંચે તે સુનિશ્ચિત કરવાનો છે.

શ્રી કુરિયને જણાવ્યું હતું કે રોજગાર સર્જન કેન્દ્ર સરકાર માટે મુખ્ય પ્રાથમિકતા છે.

----------

## Egypt-Wardhan Kite Festival

કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે ઇજિપ્તના કૈરોમાં પ્રવાસી ભારતીયો દ્વારા આયોજિત પતંગ મહોત્સવમાં ભાગ લીધો હતો. તેમણે વિદેશમાં ભારતીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસોની પ્રશંસા કરી. શ્રી સિંહે બદર અબ્દેલટ્ટી સાથે ભારત-ઇજિપ્ત વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા પર ચર્ચા કરી.

તેમણે ઇજિપ્તના સ્થાનિક વિકાસ અને પર્યાવરણ મંત્રી ડૉ. મનલ અવદ સાથે ટકાઉ વિકાસ, આબોહવા, નવીનીકરણીય ઉર્જા, ગ્રીન ટ્રાન્સફોર્મેશન, ગ્રામીણ વિકાસ, કચરો વ્યવસ્થાપન, પ્લાસ્ટિક રિસાયક્લિંગ, ઉર્જા ઉત્પાદન અને કૃષિ સંબંધિત ક્ષેત્રો પર ચર્ચા કરી.

----------

## J and K Counter-Terrorism Operation

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરોધી કામગીરીના ભાગ રૂપે, સુરક્ષા દળોએ કઠુઆ જિલ્લાના બિલ્લાવર તાલુકામાં ત્રણ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો છે. બિલ્લાવરના કામદ નાલા, કલાબન અને ધાનુ પારોલના જંગલ વિસ્તારોમાં રાષ્ટ્ર વિરોધી તત્વોની હિલચાલ અંગે વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે, સુરક્ષા દળોની સંયુક્ત ટીમોએ એક વિશાળ શોધખોળ કામગીરી શરૂ કરી હતી.

આ કામગીરી દરમિયાન, આતંકવાદીઓએ સુરક્ષા દળો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો, જેનો સુરક્ષાદળોએ વળતો જવાબ આપ્યો હતો.

----------

## MG Ramachandran Birthday

ભારતરત્ન અને એઆઈએડીએમકેના સ્થાપક ડૉ. એમજી રામચંદ્રનની આજે ૧૦૯મી જન્મજયંતિ સમગ્ર તમિલનાડુમાં ઉજવવામાં આવી રહી છે.

ડૉ. રામચંદ્રનના જન્મદિવસ નિમિત્તે, એઆઈએડીએમકેના મહાસચિવ અને વિપક્ષના નેતા ઈ. પલાનીસ્વામીએ આગામી વિધાનસભા ચૂંટણી ઢંઢેરાના ભાગરૂપે તેમણે પાંચ વચનો આપ્યા હતા, જેમાં 25,000 રૂપિયાના ખર્ચે પાંચ લાખ મહિલાઓને ટુ-વ્હીલર આપવા, ૧૦૦ દિવસની રોજગારી વધારીને વર્ક શિફ્ટ વધારીને ૧૫૦ દિવસ કરવા અને પુરુષો અને સ્ત્રીઓ બંને માટે મફત બસ સેવાનો સમાવેશ થાય છે.

----------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## EVE TRUMP - GAZA BOARD OF PEACE

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા સંઘર્ષને પૂર્ણ કરવાના હેતુથી તેમની 20-મુદ્દાની શાંતિ યોજનાના બીજા તબક્કાનું નેતૃત્વ કરવા માટે એક નવા શાંતિ બોર્ડના સભ્યોની જાહેરાત કરી છે.

આ બોર્ડ ગાઝામાં શાસન, પ્રાદેશિક સહયોગ, પુનર્નિર્માણ, રોકાણ, ધિરાણ અને લાંબા ગાળાની સ્થિરતા સંબંધિત પ્રયાસોનું નિરીક્ષણ કરશે. મુખ્ય સભ્યોમાં અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો, પૂર્વ બ્રિટિશ પ્રધાનમંત્રી ટોની બ્લેર, ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ, વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગા, ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર, એપોલો ગ્લોબલ મેનેજમેન્ટના મુખ્ય કાર્યકારી અધિકારી માર્ક રોવાન અને અમેરિકાના સુરક્ષા સલાહકાર રોબર્ટ ગેબ્રિયલનો સમાવેશ થાય છે. ટ્રમ્પ શાંતિ બોર્ડના અધ્યક્ષ તરીકે સેવા આપશે.

----------

## GUJARAT SUZUKI PLANT

મારૂતિ સુઝૂકી ગાંધીનગરના ખોરાજમાં 35 હજાર કરોડ રૂપિયાના રોકાણથી વિશાળ નવા વાહન નિર્માણનો પ્લાન્ટ સ્થાપિત કરશે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં રાજ્ય સરકાર અને મારૂતિ સુઝૂકી ઇન્ડિયા લિમિટેડ વચ્ચે રોકાણ માટેના પત્ર સોંપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

**(V/C- AJAY INDREKAR)**

*(.....એક હજાર 750 એકર જમીનમાં ફેલાયેલા આ નવા પ્લાન્ટમાં ચાર એકમ હશે, જેમાંથી દરેકની ક્ષમતા બે લાખ 50 હજાર કારની હશે. તેનાથી કુલ ઉત્પાદન દર વર્ષે 10 લાખ એકમ સુધી પહોંચશે. નાણાકીય વર્ષ 2029 સુધી પહેલા પ્લાન્ટથી ઉત્પાદન શરૂ કરવાનું કંપનીનું આયોજન છે. આ પરિયોજનાનું સ્વાગત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, આ સુવિધા દેશના સૌથી મોટા અને સૌથી પ્રતિસ્પર્ધી ઑટોમોબાઈલ ઉત્પાદન કોરિડોરને વધુ મજબૂત બનાવશે. આ પરિયોજનાથી આસપાસના વિસ્તારોમાં આનુષંગિક એકમ અને નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ દ્વારા 12 હજારથી વધુ લોકો માટે રોજગારીનું સર્જન થવાની અને અંદાજે સાત લાખ 50 હજાર લોકો માટે રોજગારીની તકનું સર્જન થવાની અપેક્ષા છે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

----------

## EVE INDIA BANGLADESH U19 MATCH

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ - ICCની 19 વર્ષથી ઓછી વયના ખેલાડીઓના વિશ્વકપની સ્પર્ધામાં આજે ભારત અને બાંગ્લાદેશની ટીમનો મુકાબલો થઈ રહ્યો છે. ઝિમ્બાબ્વેમાં રમાતી મૅચમાં ભારતીય ટીમ પહેલા બેટિંગ કરી 48 ઑવર ચાર બૉલમાં 238 રન બનાવી ઑલઆઉટ થઈ છે. વરસાદ થતાં મૅચને 49 ઑવરની કરવામાં આવી છે.

છેલ્લા મળતાં અહેવાલ મુજબ, બાંગ્લાદેશની ટીમે 17__ ઑવરમાં 2 વિકેટ ગુમાવી  ૭0 રન કર્યા છે.

----------

## Japanese Foreign Minister - Delhi Metro

જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગીએ આજે દિલ્હી મેટ્રોમાં મુસાફરી કરી હતી. તેમની સાથે ભારતમાં જાપાનના રાજદૂત ઓનો કેઇચી પણ હતા. દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનના વરિષ્ઠ અધિકારીઓએ સેન્ટ્રલ સેક્રેટરીએટ મેટ્રો સ્ટેશન ખાતે પ્રતિનિધિમંડળને દિલ્હી મેટ્રો પ્રોજેક્ટ વિશે માહિતી આપી હતી.

જાપાન ઇન્ટરનેશનલ કોઓપરેશન એજન્સીએ દિલ્હી મેટ્રો પ્રોજેક્ટને તેના પ્રથમ તબક્કાથી નાણાકીય સહાય પૂરી પાડી છે. દિવસની શરૂઆતમાં, શ્રી મોટેગીએ રાજઘાટની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

----------

## HYDROGEN AND AMMONIA PLANT

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે રાજ્યએ તેના ગ્રીન એનર્જી લક્ષ્યોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 500 ગીગાવોટ નવીનીકરણીય ઉર્જાના દ્રષ્ટિકોણ સાથે તૈયાર કર્યો છે.

નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ સાથે, મુખ્યમંત્રીએ આજે કાકીનાડામાં AM ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એમોનિયા પ્લાન્ટના પ્રથમ મુખ્ય ઉપકરણ

સ્થાપન સમારોહમાં હાજરી આપી હતી. શ્રી નાયડુએ જણાવ્યું હતું કે આ વિશ્વનો સૌથી મોટો ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એમોનિયા પ્રોજેક્ટ છે.

----------